# માસૂમ હવાનાં ચીંથરાં | અશોક ચાવડા

**[માસૂમ હવાના મિસરા :** સં. અંકિત ત્રિવેદી, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, પ્ર.આ. ૨૦૦૬, કિં. રૂ. ૧૫૦. પૃ. ૧૮૧, ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું.]

આજકાલ સંપાદન એટલે ‘અન્યની ગુણવત્તાને એકઠી કરી પોતાની અણઆવડતને છુપાવવી.’ મોટા ભાગના સંપાદકો કવિ હયાત હોવા છતાં કવિને પૂછવાનો વિવેક નથી જાળવતા અને પોતાની સ્મરણશક્તિને ખપમાં લગાડે છે. સંપાદન વર્ષો સુધી યાદ રહે છે અને સંપાદનમાં રહેલી ભૂલોય પણ.

નવી ગઝલની આબોહવા ‘માસૂમ હવાના મિસરા’ આવું જ એક સંપાદન છે. પુસ્તકની ડિઝાઇન, લે-આઉટ અને પ્રિન્ટિંગ આંખને ગમે એવાં છે. બાકી આંખને કઠે છે અસંખ્ય છાપભૂલો, જોડણીદોષ અને ખેલદિલીનો અભાવ.

પ્રસ્તુત સંપાદનમાં ૪૫ ગઝલકારોની ૧૩૫ ગઝલો છે. સંપાદક પોતે જ ‘ઊઘડતી સવારનો થનગનાટ’ અંતર્ગત નોંધે છે : ‘ગુજરાતીમાં ગઝલો લખતા નવા ગઝલકારોની સંખ્યા ૪૫ જ છે એવું નથી, આ યાદીમાં ઘણાં નવાં નામો ઉમેરવાનાં રહી જાય છે અને એ બધાં જ નામોને ભવિષ્ય ઉપર છોડી દઉં છું.’ જોકે ગઝલ સાથે નાતો ધરાવનાર દરેક જણ એ વાત સાથે સહમત થશે જ, પણ મારા મતે અહીં નામ ઉમેરવાનાં બાકી તો છે જ પરંતુ કેટલાંક નામ કમી પણ કરવાનાં છે. સાવ સીધી વાત છે. અહીં સમાવેલ કેટલાક ગઝલકારો ‘માસૂમ’ નહીં પણ ‘મેચ્યોર’ છે. કહેવાનો આશય એ છે કે તેઓ ‘નવા’ નથી પણ ‘નામી’ છે; જેમ કે અમિત વ્યાસ, મકરંદ મૂસળે, વિવેક કાણે, હિતેન આનંદપરા, મુકેશ જોશી. અને આ નામ રાખવાં જ હોય તો થોડા એમની સાથેનાં નામ ઉમેરવા જોઈએ.

આમ તો આ સંપાદન નામ કમાવવાનો એક સુંદર પ્રયાસ છે, પણ આદર્શ સંપાદન તો નથી જ. હા, પ્રિન્ટિંગ અને લેઆઉટ આદર્શ અને અનુકરણયોગ્ય છે. સામાન્ય ભાવક અને વાચક જરૂર આ સંપાદનને માથે મૂકીને નાચી શકે છે, કારણ કે એને તો ૧૩૫ ગઝલ વત્તા ૪૫ શેર વાંચવા મળે છે. અને હા, ગઝલ વિશેનાં ૪ મજાનાં અવતરણો ય ખરાં. વળી, દાદ આપવા માટે કવિનો મોબાઇલ અને પુસ્તકપ્રાપ્તિ માટે સરનામું. અહીં સમાવાયેલી લગભગ તમામ ગઝલો આસ્વાદ્ય છે એનું કારણ એ જ કે આ ૪૫ ગઝલકારોમાંના ઘણાએ ગઝલને આત્મસાત્ કરી છે અને અહીં જે સમાવાઈ નથી તેવી પણ કેટલીક ઉત્તમ ગઝલો તેમનાં પુસ્તકોમાંથી માણી શકાય છે. એક રીતે પ્રત્યેક કવિની ૩ ગઝલ અને ૧ શેર માત્ર અને માત્ર એક ટ્રેલર છે, પૂરી મજા તો અહીં અપાયેલ જે તે કવિના કાવ્યસંગ્રહમાંથી મળે છે (જો સંગ્રહ ન હોય તો ટેલિફોન કે પત્રસંપર્કથી).

માસૂમ હવાના કેટલાક મમળાવવા જેવા મિસરા જોઈએ.

**શ્વાસને ઇસ્ત્રી કરી મેં સાચવી રાખ્યા હતા,**
**ક્યાંક અણધાર્યા પ્રસંગે જો જવાનું થાય તો !** (પૃષ્ઠ ૨, અનિલ ચાવડા)

S

**કોઈ મારા ઘર વિશે જાણે નહીં,**
**એટલી ભીંતો ચણીને શું કરું ?** (પૃષ્ઠ ૩૨, ગૌરાંગ ઠાકર)

S

**ટૂંકી ટચરક વાત કબીરા,**
**લાંબી પડશે રાત કબીરા.** (પૃષ્ઠ ૩૫, ચંદ્રેશ મકવાણા)

S

**કસબ સમજી શક્યું બાળક તો એની નોંધ લીધી મેં,**
**સભામાં બેસનારા ખેરખાંની નોંધ ના લીધી.** (પૃષ્ઠ ૮૩, નીરવ વ્યાસ)

નીરવ વ્યાસના શેરની જેમ જાણીજોઈને અહીં ગઝલના ખેરખાંના શેરની નોંધ નથી લેતો, કારણ પૃષ્ઠમર્યાદા. જોકે અહીં આ સિવાય પણ ઉત્તમ શેરોની હારમાળા છે જ. સંપાદકના શબ્દોમાં જ આ વાત કહું તો, ‘અહીંયાં ક્યાંક સાદ્યંત ગઝલો છે, ક્યાંક ગઝલ પૂરી થયા પછી પણ ગઝલકારે બે-ત્રણ શેર લખ્યા હોત તો મજા અકબંધ રહી હોત એવું વાતાવરણ છે. ક્યાંક બે-ત્રણ શેર જ આખી ગઝલને નભાવી લેતા હોય એવું પણ બને છે.’

દુઃખની વાત એ છે કે ‘માસૂમ હવાના મિસરા’માં કેટલાય કવિઓની રચનાઓનાં ચીંથરાં ઉડાડી દેવામાં આવ્યાં છે. આની પાછળનો હેતુ સ્વયં સ્પષ્ટ છે. જે કવિઓનાં પુસ્તકો બજારમાં ઉપલબ્ધ હોય, જેમના શેર લોકજીભે રમતા હોય તેવા શેરને છંદદોષ લાગે કે ભાવદોષ લાગે એમ વિકૃત રીતે રજૂ કરવામાં આવ્યા છે. ‘છાપભૂલ’ના ઓથા હેઠળ આવી મેલી રમત રમાય છે અને ભોગ બને છે એક આખી પેઢી. થોડાં ઉદાહરણોથી આ વાત સમજીએ :

**કાંઠાઓ રોઈરોઈને જળને પૂછી રહ્યા,**
પાડી **ગયું છે કોણ આ પગલાં તળાવમાં.** (પૃષ્ઠ ૧૦, અશોક ચાવડા)

અહીં ‘ભૂલી’ને બદલે ‘પાડી’ છપાયું છે. સુજ્ઞ ભાવકો, કવિઓ આને છાપભૂલ તો નહીં જ ગણે. કવિના ભાવની કતલ આને કહેવાય. તો પૃષ્ઠ ૨૫ ઉપરની કિરણ ચૌહાણની એક ગઝલના પ્રથમ અને ચોથા શેરમાં છંદદોષ અને ભાવદોષ પરાણે ઊભો કરાયો છે. કવિનાં પુસ્તક ‘સ્મરણોત્સવ’ સાથે સરખાવો :

**બંધ ઘરની એ ઉદાસીઓ બધી પી જાય છે;**
**એક કોયલ** આંગણ**માં રોજ ટહુકી જાય છે.**
**પહોંચવા** તાર **લગી કંઈ ચાલવું પડતું નથી,**
**પગતળેથી માર્ગ આપોઆપ સરકી જાય છે.** (પૃષ્ઠ ૨૫, કિરણ ચૌહાણ)

અહીં ‘આંગણાં’ને બદલે ‘આંગણ’ અને ‘તારાં’ને બદલે ‘તાર’ છપાયું છે. સંપાદક આને છાપભૂલ કહી છટકી શકે તેમ નથી કારણ કે સંપાદક પોતે ગઝલપૂર્વક પોતાને ગઝલકાર ગણાવે છે, અને ગઝલકારને શબ્દફેરથી થતો આ સહજ છંદદોષ ન પકડાય તો સ્વાભાવિક રીતે તેમની ગઝલની સમજણ વિશે શંકા ઉદ્ભવે. જોકે સંપાદકની પોતાની ગઝલોમાંના છંદદોષ

ઊડીને આંખે વળગે છે. જેમ કે, પૃષ્ઠ ૧૯ પરની ગઝલમાં 'માથાઝીક' શબ્દ 'ગાલગાલ' રૂપે અને 'અધિક' 'લગાલ' રૂપે પ્રયોજાયો છે. વળી, 'અધિક' કાફિયો તો કાફિયાપૈમાની તો વિશેષ કૈ નથી. અહીં ગઝલિયતની વાત ન કરીએ તો સારું.

હજી એક-બે દૃષ્ટાંત જોઈએ. પૃષ્ઠ ૯૯ પરની ભરત ભટ્ટની એક ગઝલનો ચોથો શેર છંદદોષ થાય તેમ રજૂ કરાયો છે અને પૃષ્ઠ ૧૪૩ પરની સૌમ્ય જોશીની ગઝલના શેરમાં પણ છેડછાડ કરવામાં આવી છે.

**એ બધા નિર્ણય તમે જાહેર** ન **કર્યા કરો,**
**ઢોલ પીટીને કદી કંઈ સાપ પકડાતા હશે.** (ભરત ભટ્ટ)

S

હેઠો **મૂકાશે હાથ ને ભેગા થશે પછી જ,**
**કોશિશ જ્યાં પતે ત્યાં જ શરૂ થાય છે ઈશ્વર.** (સૌમ્ય જોશી)

અહીં 'ના'ને બદલે 'ન' અને 'હેઠા'ને બદલે 'હેઠો' છપાયું છે. આશ્ચર્યની વાત એ છે કે આ તમામ શેર એક યા અનેક મુશાયરાઓમાં વંચાયેલા છે, પુસ્તકોમાં છે, લોકજીભે છે અને આ શેર જ અહીં વિકૃત રીતે પ્રકાશિત થયા છે. બીજું કે આ તો જે આંખે ચઢી એ જ ભૂલ કહી, અન્ય કવિઓ સાથેની આવી છેતરપિંડી તો જે તે કવિ કહે ત્યારે જ ધ્યાનમાં આવશે.

સંપાદકનું 'અરૂઝ'નું જ્ઞાન પણ સીમિત છે. 'ગણીને પાંચ કે છ બહેરોમાં કામ કરતા આજના ગઝલકારો સ્થિર રહીને ગતિ કરી રહ્યા છે' એવું લખનાર પ્રસ્તુત પુસ્તકના સંપાદકને જો પૃષ્ઠ ૧૧ અને પૃષ્ઠ ૧૩ (અશોક ચાવડા), પૃષ્ઠ ૧૦૮ (મકરંદ મૂસળે), પૃષ્ઠ ૧૨૭ અને પૃષ્ઠ ૧૨૮ (વિવેક કાણે) પરની ગઝલના છંદ સમજાયા હોત તો કદાચ નવી પેઢીને આ મેણું ન માર્યું હોત.

પ્રસ્તુત સંપાદન આ રીતે જોઈએ તો માત્ર બાયોડેટામાં એક પુસ્તકનું નામ ઉમેરાય તે હેતુથી જ કરવામાં આવ્યું છે, નહીં કે ગુજરાતી ગઝલની સેવા માટે – એવું આ ઉપરથી તારવી શકાય. જોકે આમાં દોષ ગઝલકારોનો ય છે. ગઝલ પ્રકાશિત કરવાના મોહમાંથી તેઓ બહાર આવશે તો જ આવાં કાચાં સંપાદનો અટકશે. તો સામા પક્ષે સંપાદકો ય ચાલાક થઈ ગયા છે. મારી પાસેથી તેમજ અન્ય ઘણા મિત્રો પાસેથી ગઝલ મગાવી માસૂમ હવાના પહેલા મિસરા અનિલ ચાવડાએ, જે અહીં બીજે ક્યાંય નજરે નથી આવતા.

ખૈર, આ તો ચાલ્યા કરે. પણ જ્યાં સુધી આવાં સંપાદનો થતાં રહેશે ત્યાં સુધી સંપાદક શિખર તરફ ગતિ કરતા રહેશે અને ગઝલનું ભાવવિશ્વ ખીણ તરફ. અંતે સહુ ગઝલકારોએ (ખાસ કરીને સંપાદકોએ) પ્રાર્થનાની જેમ રોજ સ્મરવો જોઈએ તેવા વિવેક કાણેના પૃષ્ઠ ૧૨૬ પરના એક શેરથી વિરમીએ :

**જા શિખર પર પ્હોંચવાની જિદ પ્રથમ તું પૂર્ણ કર,**
**હું ગઝલસર્જનને ક્યાં સ્પર્ધાની માફક જોઉં છું.**